**ઉમરગામના નગવાસ ગામની આગ એટલી વિકરાળ હતી કે મેજર કોલ જાહેર કરાયો**

# બેગ બનાવતી કંપનીમાં ભીષણ આગ

**બાજુમાં** આવેલી હિન્દુસ્તાન પેન્સિલ અને ગલ્ફ ઓઈલનું વેરહાઉસ ઝપેટમાં આવતા ભારે નુકસાન

**૧૫** કિલોમીટર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાતા ગભરાટ ફેલાયો

**ઉમરગામ**, સરીગામ, વાપી અને દમણથી ફાયર ટીમ દોડી આવી




ઉમરગામ : ઉમરગામ તાલુકાના ભીલાડ નજીકના નગવાસ ગામમાં આવેલી એક કંપનીમાં ભીષણ આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી જેના કારણે બાજુમાં જ હિન્દુસ્તાન પેન્સિલ અને ગલ્ફ ઓઈલના વેરહાઉસ આવેલા હોય તે ઝપેટમાં આવી જતા ભારે નુકસાન થયું હતું. ભીષણ આગના પગલે મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો. ફાયરની ટીમ આગ બુઝાવવા કામે લાગી હતી.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના નગવાસ ગામમાં આવેલી યુનોવેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. નામક બેગ બનાવતી એક કંપનીમાં બપોરે ત્રણેક વાગ્યાની આસપાસ અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. જોત જોતામાં આગે વિકરાળ રૂપ ધારણ કરતા બાજુમાં જ આવેલી હિન્દુસ્તાન પેન્સિલ પ્રા.લિ. અને એક ગલ્ફ ઓઈલનું વેરહાઉસ ગોડાઉન પણ ઝપેટમાં આવી જતા આશરે પંદર કિલોમીટર દૂરથી પણ ધુમાડાના ગોટેગોટા આકાશમાં અને આજુબાજુમાં છવાયેલા જોવા મળતા ગભરાટ મચી ગયો હતો. આગ ખૂબ જ વિકરાળ હોય મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો.

આગની ઘટનાની જાણ થતા જ ઉમરગામ સરીગામ, વાપી, દમણથી ફાયર ફાઈટરની ટીમ દોડી આવી આગ બુઝાવવા કામે લાગી હતી. પોલીસ ટીમ આવી પહોંચી હતી. આ લખાઈ રહ્યું છે ત્યારે મોડે સુધી પણ આગ કાબુમાં આવી ન હતી અને આગ બુઝાવવાનું કામ ફાયરની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું હતું. આગમાં કંપનીમાં તથા વેરહાઉસમાં ભારે નુકસાન થયું હતું. માલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. કામ કરતા લોકો સલામત રીતે બહાર આવી જતા ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી.

# મોબાઇલ હેક કરી પિતા-પુત્રીના ખાતામાંથી ૩.૫૩ લાખ ગાયબ

**ચીખલીના** ઘેજમાં વોટ્સએપ મેસેજથી મોબાઇલ હેક કરી ઠગાઈ કરનાર સામે પોલીસે ગુનો નોંધ્યો

**અજાણ્યા** નંબર પરથી આવેલો મેસેજ ખોલતા જ મોબાઈલ હેક થયો

ઘેજ : અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સએપ પર આવેલા મેસેજ બાદ મોબાઈલ હેક કરીને ચીખલી તાલુકાના ઘેજ નવાનગર ખાતે રહેતા પિતા અને પુત્રીના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૩,૫૩,૨૫૩ ની મસમોટી રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. ભોગ બનનાર દ્વારા નેશનલ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૨૪ સપ્ટેમ્બરના રોજ સુરેશભાઈ સુમનભાઈ પટેલના મોબાઈલ પર વોટ્સએપ પર અજાણ્યા નંબરથી એક મેસેજ આવ્યો હતો. આ મેસેજ ઓપન કરતાની સાથે જ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો અને થોડીવારમાં ફરી ચાલુ થયો હતો. ત્યારબાદ બીજા દિવસે મોબાઈલમાં આરટીઓ ચલણ સંબંધિત અલગ-અલગ ટેક્સ્ટ મેસેજ આવ્યા હતા.

ગત ૨૭ સપ્ટેમ્બરે ગુજરાત ગ્રામીણ બેંકના ખાતામાંથી નાણાં કપાઈ જવાના મેસેજ આવતા તેમણે બેંકમાં જઈને તપાસ કરી હતી. જેમાં સુરેશભાઈના ખાતામાંથી રૂપિયા ૩,૪૮,૩૦૩ તેમજ તેમની પુત્રી શૈલીના બેંક ખાતામાંથી રૂપિયા ૪,૯૫૦ મળી કુલ રૂપિયા ૩,૫૩,૨૫૩ અજાણ્યા શખ્સો દ્વારા ઓનલાઈન ટ્રાન્સફર કરી લેવાયા હોવાનું સ્પષ્ટ થયું હતું. આ અંગે પ્રથમ નેશનલ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર જાણ કર્યા બાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હાલ આ મામલે પીએસઆઈ પી.બી. પટેલીયા દ્વારા વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

## નવસારી જિલ્લામાં સાયબર ઠગાઈના બે બનાવ નોંધાયા

નવસારી : નવસારી જિલ્લામાં સાયબર ઠગોએ બે યુવકોને નિશાન બનાવ્યા છે. વિજલપોરમાં મોબાઈલ હેકિંગ દ્વારા અને મરોલીમાં વીમા પોલિસી પર કેશબેકની લાલચ આપીને ગઠિયાઓએ કુલ રૂપિયા 60,730ની રકમ પડાવી લીધી હોવાની ફરિયાદો સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વિજલપોર વિસ્તારમાં રહેતા એક હીરાઘસુ યુવકના મોબાઈલ પર સાયબર ઠગોએ નિયંત્રણ મેળવી તેના Google Pay એકાઉન્ટમાંથી રૂપિયા 22,632ની રકમ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. ખાતામાંથી નાણાં કપાયાનો મેસેજ મળતાં યુવકને પોતાની સાથે થયેલી છેતરપિંડીની જાણ થઈ હતી. બીજા બનાવમાં મરોલી નજીકના માંગરોળ ગામના એક યુવકને તેની વીમા પોલિસી પર આકર્ષક કેશબેક અને બોનસ મળવાની લાલચ આપવામાં આવી હતી. ઠગોની વાતોમાં આવી ગયેલા યુવક પાસેથી ઓનલાઇન પ્રક્રિયા કરાવી તેના બેંક ખાતામાંથી રૂપિયા 38,098 ઉપાડી લેવામાં આવ્યા હતા. વચન મુજબ કેશબેક કે બોનસ ન મળતાં યુવકને છેતરપિંડી થયાની જાણ થઈ હતી. આ બંને બનાવોને પગલે સાયબર સુરક્ષા અંગે ફરી એકવાર સવાલો ઊભા થયા છે. અજાણી લિંક, શંકાસ્પદ એપ્લિકેશન અને આકર્ષક વળતરની લાલચ દ્વારા સાયબર ઠગો નાગરિકોની નાણાકીય વિગતોનો દુરુપયોગ કરી રહ્યા છે. ભોગ બનનારાઓની ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

# દિવાળી પહેલાં નવસારી મનપાના કર્મચારીઓના પગારનો મુદ્દો ગરમાયો

**800થી** વધુ કર્મચારીઓની હડતાળ બાદ ફરી રજૂઆત, બાકી વેતન ચૂકવવા માંગ

નવસારી : તહેવારોના દિવસોમાં પરિવાર સાથે ખુશીઓ વહેંચવાની તૈયારી વચ્ચે નવસારી મહાનગરપાલિકા હેઠળ એજન્સી મારફતે કામ કરતા કર્મચારીઓના પગારનો પ્રશ્ન ફરી સામે આવ્યો છે. 'DR એન્ટરપ્રાઈઝ' હેઠળ ફરજ બજાવતા કામદારોને સમયસર વેતન મળતું ન હોવાની રજૂઆતોને પગલે વોર્ડ નં. 13ના કોર્પોરેટર અને ગૃહ નિર્માણ તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષ વિજય રાઠોડ સહિત ત્રણ ચેરમેન દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર પાઠવી તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, આ કર્મચારીઓ માટે માસિક પગાર પરિવારના રોજિંદા ખર્ચનું મુખ્ય સાધન છે. દિવાળી જેવા તહેવારના સમયે વેતન સમયસર ન મળે તો ઘરખર્ચની સાથે તહેવારની તૈયારીઓ પર પણ અસર પડી શકે છે.

આ સંજોગોમાં સંબંધિત એજન્સીને જરૂરી સૂચના આપી કર્મચારીઓનું બાકી વેતન વહેલી તકે ચૂકવવામાં આવે અને આગળ જતાં પગારની ચુકવણી નિયમિત રહે તેવી વ્યવસ્થા કરવા કમિશનરને વિનંતી કરવામાં આવી છે.

આ મુદ્દો અગાઉ પણ મહાનગરપાલિકા માટે મુશ્કેલીરૂપ બન્યો હતો. આશરે 15 દિવસ પહેલાં પગાર અને પ્રોવિડન્ટ ફંડ (PF) સહિતના પ્રશ્નોને લઈને 800થી વધુ આઉટસોર્સિંગ કર્મચારીઓએ બે દિવસની હડતાળ પાડી હતી. હડતાળ દરમિયાન પાણી પુરવઠા સહિતની કેટલીક પાયાની સેવાઓને અસર પહોંચી હતી. ત્યારબાદ હવે દિવાળીના તહેવાર પહેલાં ફરી પગારનો પ્રશ્ન ઊભો થતાં કર્મચારીઓના હિતમાં તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ ઉઠી છે.

ત્રણ ચેરમેન દ્વારા કમિશનરને કરવામાં આવેલી રજૂઆત બાદ હવે મનપા તંત્ર અને સંબંધિત એજન્સી આ મામલે કેવાં પગલાં લે છે તે મહત્ત્વનું બન્યું છે.

**શાકભાજીના વેપારીને બોગસ દસ્તાવેજ પધરાવી ૫૮ લાખ પડાવ્યા**

# 'થાય તે કરી લે, તને અને તારા પરિવારને ગાયબ કરી નાખીશું'

**થાલા** હાઇવે પરની જમીન બતાવી નાણાં પડાવતા બે સામે ગુનો દાખલ

**સબ**-રજિસ્ટ્રાર કચેરીએ આવવાની જરૂર નથી કહી બનાવટી દસ્તાવેજ થમાવ્યો

ઘેજ : ચીખલીના શાકભાજીના વેપારી સાથે જમીન વેચાણના નામે ૫૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવ્યાનો ગંભીર મામલો સામે આવ્યો છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી શંકરભાઈ શ્યામભાઈ ભોઈ (રહે. વિઠ્ઠલ નગર સોસાયટી, જૂના વલસાડ રોડ, તા. ચીખલી) શાકભાજીનો વ્યવસાય કરે છે. અંદાજે એક વર્ષ પૂર્વે બસ ડેપો સામે આવેલી બેકરીમાં તેમની મુલાકાત અંભેટાના ઝુબેર ઈકબાલ મેમણ સાથે થઈ હતી. આરોપીએ થાલા ગામમાં હાઈવે પર આવેલી જમીન બતાવીને કહ્યું હતું કે આ જમીન તેના સગાની છે અને તેને વેચવા માટેનો પાવર પણ તેની પાસે છે.

આ જમીનનો સોદો ચીખલી સાંઇ ડેરીની સામે આવેલી એન્જલ મેન્સવેર નામની દિલીપ રાજપૂતની દુકાનમાં નક્કી થયો હતો. શરૂઆતમાં જમીનની કિંમત ૧.૧૦ કરોડ રૂપિયા કહેવામાં આવી હતી, જે બાદ સોદો ૭૦ લાખ રૂપિયામાં નક્કી કરવામાં આવ્યો હતો. દસ્તાવેજ કરવાનો છે તેમ કહી ફરિયાદી પાસેથી જરૂરી આધાર-પુરાવા મેળવવામાં આવ્યા હતા. આરોપીઓએ તમારો દસ્તાવેજ તૈયાર થઈ ગયો છે તેમ જણાવી સહી કરાવી લીધી હતી અને તમારે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં આવવાની જરૂર નથી, પેમેન્ટ પૂરું થયા પછી જ ઓરિજિનલ દસ્તાવેજ મળશે તેવી વાતો કરી વિશ્વાસમાં લીધા હતા. આ પૂર્વે ફરિયાદીએ ટુકડે-ટુકડે કુલ ૫૮ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા.

જો કે, પાછળથી દસ્તાવેજ બોગસ હોવાનું ધ્યાને આવતા વેપારીએ સોદો કેન્સલ કરવાનું જણાવ્યું હતું. આ સમયે આરોપીઓએ રિટર્ન પેમેન્ટ માટે આપેલા ચેક બોગસ સાબિત થયા હતા અને બાદમાં આપેલા અન્ય ચેક પણ 'પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોવર' ના કારણે પરત ફર્યા હતા. જ્યારે ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરવાની ચીમકી આપી, ત્યારે બંને આરોપીઓએ તારાથી થાય તે કરી લે, તું ક્યાં ગાયબ થઈ જઈશ તેની તને ખબર નથી, તારા પૂરા પરિવારને ગાયબ કરી નાખીશું અને જીવતા નહીં છોડીએ તેવી ધમકી આપી હતી.

આ પ્રકારે અન્ય કોઈની માલિકીની બિનખેતી અને ખેતીની જમીન બતાવી, બે બનાવટી વેચાણ દસ્તાવેજ તૈયાર કરી તેના આધારે ૫૮ લાખ રૂપિયા પડાવી લેનાર ઝુબેર મેમણ (રહે. અંભેટા દીવાન ફળિયા, તા. ગણદેવી) તથા દિલીપ રાજપૂત (પરમાર) (રહે. થાલા વિમલ ગેસ્ટ હાઉસની બાજુમાં, તા. ચીખલી, જી. નવસારી) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસની વધુ તપાસ પીએસઆઈ આર.એન. વાડલે ચલાવી રહ્યા છે,

# લગ્ન કરાવી આપવાના બહાને યુવતી સાથે રૂપિયા ૨૮.૪૩ લાખની ઠગાઈ

**આરોપી** મહિલાએ પૂજાવિધિના નામે વણગામની યુવતી પાસેથી યુપીઆઈ મારફત પડાવ્યા નાણાં

**નાણાં** આપવાનું બંધ કરતા આરોપીએ યુવતીને ઘરે જાણ કરવાની ધમકી આપી

બીલીમોરા : ગણદેવી તાલુકાના વણગામની યુવતી સાથે રૂપિયા ૨૮,૪૩,૫૦૦ ની ઓનલાઈન નાણાકીય છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. જ્યોતિષી તરીકે ઓળખ આપી યુવતીને વિશ્વાસમાં લઈ પૂજાવિધિ કરાવવાના બહાને અલગ-અલગ બેંક ખાતાં, ક્યૂઆર કોડ અને યુપીઆઈ આઈડી મારફતે નાણાં ટ્રાન્સફર કરાવ્યાં હોવાની ફરિયાદ બીલીમોરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પોલીસ ફરિયાદ મુજબ, આરોપીએ પોતાનું નામ ઈશા શર્મા હોવાનું જણાવી જ્યોતિષી તરીકે ઓળખ આપી હતી. ત્યારબાદ યુવતીને તેની પસંદગીના યુવક સાથે લગ્ન કરાવી આપવાનું જણાવી પૂજાવિધિ કરાવવાના બહાને નાણાંની માંગણી કરી હતી. આરોપીની વાતોમાં આવી યુવતીએ અલગ-અલગ તબક્કા વાર નાણાં ટ્રાન્સફર કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જોકે, યુવતીએ નાણાં આપવાનું બંધ કરતાં આરોપીએ તેના ઘરે સમગ્ર હકીકત જણાવી દેવાની ધમકી આપી હતી. બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની વિવિધ કલમો તથા આઈ.ટી. એક્ટની કલમ ૬૬(ડી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શરદ પૂનમે નવસારીના રાણા સમાજમાં ગરબાની રમઝટ



નવસારી : શરદ પૂનમના પાવન પર્વ નિમિત્તે નવસારી વરિષ્ઠ નાગરિક રાણા સમાજ દ્વારા રાણા સ્ટ્રીટ સ્થિત શ્રી મહાકાળી માતાજીના મંદિરના પટાંગણમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. શરદ પૂનમની શીતળ ચાંદની અને ભક્તિમય વાતાવરણ વચ્ચે સમાજના સભ્યોએ ઉત્સાહભેર ગરબે ઘૂમી પર્વની ઉજવણી કરી હતી. માતાજીના સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ધાર્મિક આસ્થા સાથે સામાજિક એકતાનો સુંદર માહોલ જોવા મળ્યો હતો. ગરબાની રમઝટ અને આનંદભર્યા વાતાવરણથી સમગ્ર મંદિર પરિસર ઉત્સવમય બન્યું હતું.

### ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધામાં ચીખલીની એ.બી.સ્કૂલનું ગૌરવ



ઘેજ : રાજ્ય કક્ષાએ યોજાયેલા ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધામાં પટેલ વેદ પરેશભાઇ ધો-૭, પટેલ મેરિ નિલેશભાઇ ધો-૭, મિસ્ત્રી ક્રિષા ધર્મેશ ધો-૧૧ કોમર્સ, (લાંબી કૂદ) સ્પર્ધામાં પટેલ તેજ નરેશભાઇ ધો-૧૧ કોમર્સ (100 મી દોડ) સ્પર્ધામાં ગામીત શેરોન રાજેશભાઇ ધો-૮એ રાજ્યકક્ષાએ સુંદર પ્રદર્શન દાખવી રાજ્ય સરકારે પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહન વધાર્યું હતુ. આ દરેક સ્પર્ધકોને શાળાના ટ્રસ્ટી નિર્મલભાઇ, આચાર્યા પ્રિતીબેન અને શાળાના શિક્ષકગણે તેમની ખેલદીલીની પ્રશંસા કરી છે.

# ગણદેવીની બોકડિયા ખાડીમાં પ્લાસ્ટિક વેસ્ટ ઠાલવવાની હેટ્રિક!

**અંબિકા** નદી અને દેવધા ડેમના જળસ્રોતો પ્રદૂષિત થવાનું જોખમ




બીલીમોરા : ગણદેવી-અમલસાડ માર્ગ પર આવેલી બોકડિયા ખાડીના કિનારે ગેરકાયદે પ્લાસ્ટિક વેસ્ટ ઠાલવવાની ઘટનાએ જાણે હેટ્રિક નોંધાવી છે. સોમવાર સાંજે અજાણ્યા વાહનમાં પ્લાસ્ટિક વેસ્ટનો જથ્થો લાવી ફરીથી ત્રીજી વાર કચરો ઠાલવવામાં આવતાં પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. સતત બનતી આ ઘટના છતાં તંત્રની અસરકારક કાર્યવાહીનો અભાવ જોવા મળતાં પાલિકા અને પોલીસની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે.

બોકડિયા ખાડીનો જળપ્રવાહ અંબિકા નદીમાં ભળતો હોવાથી પ્લાસ્ટિકનો કચરો નદી અને દેવધા ડેમના જળસ્રોતોને પ્રદૂષિત કરવાનું જોખમ ઊભું કરી શકે છે. ઉપરાંત ખાડીના કુદરતી જળપ્રવાહમાં અવરોધ સર્જાવાની ભીતિ પણ છે. અંબિકા નદી બચાવો સમિતિ દ્વારા અગાઉ રજૂઆતો કરવા છતાં આવી ઘટનાઓ અટકતી ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ગણદેવી-અમલસાડ માર્ગ પરના સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસી જવાબદાર ઈસમોની ઓળખ કરવામાં આવે તથા કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પાલિકા અને પોલીસ તંત્ર તાત્કાલિક પગલાં ભરી સ્થળની દેખરેખ વધારે તે જરૂરી બન્યું છે. ગંદકી ફેલાવનારાઓ સામે તંત્ર ક્યારે કડક કાર્યવાહી કરશે, તેવો સવાલ ચર્ચાઈ રહ્યો છે.

# નવસારી રેલવે સ્ટેશન પાસેનો પાકો ઓટલો મનપાએ દૂર કર્યો

**રસ્તો** પહોળો કરતી વખતે અગાઉ મંદિર હટાવાયા બાદ ફરી માળખું ઊભું કરાયું હતું



નવસારીઃ નવસારી રેલવે સ્ટેશન નજીક આવેલા બસ સ્ટોપ પાસે જાહેર જગ્યામાં બનાવવામાં આવેલા ધાર્મિક માળખા અને પાકા ઓટલાને મહાનગરપાલિકા દ્વારા દૂર કરવામાં આવ્યા હતા. જાહેર જગ્યામાં અવરજવર સુગમ રહે તે હેતુથી મનપાની દબાણ નિવારણ ટીમે સ્થળ પર પહોંચી ઓટલો તોડી દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી.

મળતી વિગતો મુજબ, બસ સ્ટોપ પાસે ધાર્મિક પ્રતિક મૂકીને પાકો ઓટલો બનાવવામાં આવ્યો હતો. આ બાબત ધ્યાન પર આવતાં મહાનગરપાલિકાની ટીમે સ્થળ પર પહોંચીને જરૂરી સાધનોની મદદથી બાંધકામ દૂર કર્યું હતું. ઉલ્લેખનીય છે કે આ સ્થળ અગાઉ પણ ચર્ચામાં આવ્યું હતું. રસ્તો પહોળો કરવાની કામગીરી દરમિયાન અહીં આવેલું મંદિર દૂર કરવામાં આવતાં હિન્દુ સંગઠનો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરી એ જ જગ્યાએ ભગવાનનો ફોટો મૂકીને પાકો ઓટલો બનાવવામાં આવ્યો હતો, જેને હવે મનપાએ દૂર કર્યો છે. રેલવે સ્ટેશન અને બસ સ્ટોપ જેવા જાહેર સ્થળોએ મુસાફરોની અવરજવર સરળ રહે અને જાહેર જગ્યાનો યોગ્ય ઉપયોગ થાય તે જરૂરી છે. સાથે જ, ધાર્મિક લાગણી સાથે જોડાયેલા આવા મુદ્દાઓમાં કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરીને સંવેદનશીલતાપૂર્વક કામગીરી કરવામાં આવે તે પણ મહત્ત્વપૂર્ણ છે.

# પાર નદીના પટમાંથી રેતીનું ગેરકાયદે ખનન પકડાયું

**ચાર** વાહનો જપ્ત કરાતા ગેરકાયદે ખનન કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો

વલસાડ : વલસાડ જિલ્લા ખાણ અને ખનીજ વિભાગ દ્વારા મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદે આવેલા પાર નદીના પટમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વિભાગની મંજૂરી વિના સાદી રેતી સહિતના ખનીજ તત્વોનું ગેરકાયદે ખોદકામ અને હેરફેર કરતા ૪ વાહનોને ઝડપી પાડવામાં આવ્યા છે.



ખાણ-ખનીજ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, વિભાગની ટીમે કપરાડા તાલુકાના પાંચવેરા નજીકથી પસાર થતી પાર નદીમાંથી ગેરકાયદે રેતી ચોરી કરતા ચાર મીની ટેમ્પો (નંબર GJ-05-AV-4638, GJ-15-AT-1637, MH-15-JW-4197 અને MH-15-JW-6830) ઝડપી લીધા હતા. તમામ વાહનોને સીઝ કરીને નિયમોનુસાર દંડનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલી આ લાલ આંખના પગલે રેતીનું ગેરકાયદે ખોદકામ અને પરિવહન કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.